# બોટાદ નગરપાલિકા

સ્વામી વિવેકાનંદ નગર સેવા સદન, રેલ્વે સ્ટેશન સામે, બોટાદ

ફોન નં.-(૦૨૮૪૯) ૨૫૧૪૨૭ ઈ-મેઈલ:- np_botad@yahoo.co.in


બોનપા/સેનિટેશન/સ્વીપર મશીન ખરીદી/ ૯૨૪/૨૦૨૪ તા.૦૩/૦૭/૨૦૨૪

પ્રતિ,
મણીયાર & કું.
અમદાવાદ

વિષય:- **સ્વીપર મશીન ખરીદ કરવાના કામે બ્લેક લીસ્ટ કરવા બાબત**

સંદર્ભ:- અત્રેના જાવક નં.૭૨૪ તા.૧૯-૦૬-૨૦૨૪ વર્ક ઓર્ડર રદ કરતો આદેશ

શ્રીમાન,

સ્વીપર મશીન(Truck Mounted Sweeping Machine)ખરીદ કરવા માટે GEM/2024/B/4530106 તા.૨૪-૦૧-૨૦૨૪થી પ્રસિધ્ધ કરી બીડ અનુસંધાને આપશ્રીના રજુ કરેલ સ્વીપર મશીન(Truck Mounted Sweeping Machine)નંગ-૦૧(એક)ના ભાવ રૂ.૫૧૦૦૦૦૦/- મંજુર કરવામાં આવેલ હતા. જે અન્વયે અત્રેના જાવક નં.૩૭૭૦ તા.૦૬-૦૩-૨૦૨૪થી વર્કઓર્ડર આપવામાં આવેલ.

સબબ, GeM પોર્ટલ પરના Sanction No.511687706031415 Date 06-Mar-2024 તથા Contract No.GEMC-511687706031415 Date 06-Mar-2024 મુજબ સ્વીપર મશીનના ઇન્સ્પેક્સન માટે તા.૨૪-૦૫-૨૦૨૪ના રોજ નગરપાલિકાના કર્મચારીઓને મોકલવવામાં આવેલ. જે મુજબ સ્વીપર મશીન(Truck Mounted Sweeping Machine)માં નીચે મુજબ ક્ષતી માલુમ પડેલ હતી.

| Technical Details | | |
|---|---|---|
| Particulars | Description (Required) | Inspection Remark |
| 1 | 2 | 3 |
| Main Engine Capacity(cc) | Min.4160 | 3760 cc |
| No of Cylinder In Main Engine | Min.6 | 4 Cylinder |
| Fuel Tank Capacity (Ltrs) | Min.225 Liters | 210 Ltrs |
| Width of Chassis (mm) | Min.2450 millimeter | 2200 mm |
| Length of chassis (mm) | Min.7770 millimeter | 7500 mm |
| Height of chassis (mm) | Min.3296 millimeter | 3250 mm |
| Main Broom Length (mm) | Min.1900 millimeter | 1600 mm |

જે અન્વયે અત્રેના જાવક નં.૪૮૯ તા.૨૮-૦૫-૨૦૨૪થી આપેલ પત્ર અન્વયે મુદા નં.૧ થી ૭ વિગતે આપશ્રીએ તા.૩૧-૦૫-૨૦૨૪થી આપેલ જવાબને અત્રેના જાવક નં.૬૭૬ તા.૧૨-૦૬-૨૦૨૪ના પત્રથી મુદા-૧ થી ૫ તથા ૭ નો જવાબ ગ્રાહ્ય ન રાખી સ્પેસીફીકેશન મુજબ સ્વીપર મશીન સપ્લાય કરવા જણાવેલ.

પરંતુ આપશ્રીનાના પત્ર(અત્રેની કચેરીના ઇન.નં.૧૩૫૬ તા.૧૫-૦૬-૨૦૨૪)માં જણાવ્યા મુજબ ૧૦૦ ટકા બંધ બેસે તેવી ગાડી ઉપલબ્ધ નથી. તેવું આપના પત્રમાં જણાવેલ છે. પરંતુ ટેન્ડરના સ્પેસીફીકેશન મુજબ અશોક લેયલેન્ડ-૧૯૨૦ના મોડેલ ઉપર બંધ બેસતી હોવાનું જણાય આવે છે.

સબબ, આપશ્રીના દ્વારા સ્પેસીફીકેશન મુજબ સ્વીપર મશીન(Truck Mounted Sweeping Machine)સપ્લાય કરવા માટે પુરતો સમય આપવા છતાંયે સમયમર્યાદામાં સ્વીપર મશીન સપ્લાય કરવામાં આવેલ નથી. જેથી આપશ્રીને આપવામાં આવેલ વર્કઓર્ડર રદ કરવામાં આવેલ. ત્યારબાદ આપશ્રીએ તા.૨૪-૦૬-૨૦૨૪થી આપેલ પત્રનો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવતો નથી.

સબબ, વહીવટદારશ્રીના ઠરાવ નં.૨૩૪ તા.૦૨-૦૭-૨૦૨૪થી થયેલ નિર્ણય મુજબ તમોને ત્રણ વર્ષ માટે બ્લેક લીસ્ટ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

ચીફ ઓફિસર
બોટાદ નગરપાલિકા